# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




## આણંદમાં હાવડા એક્સપ્રેસમાંથી ૧૬ કિલો ગાંજો મળ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૪

પશ્ચિમ રેલવે વડોદરા સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ અને આણંદ રેલવે પોલીસ દ્વારા ટ્રેનોમાં હાથ ધરાયેલા સઘન ચેકિંગ દરમિયાન હાવડા એક્સપ્રેસના જનરલ કોચમાંથી ૮.૦૭ લાખની કિંમતનો ૧૬.૧૪૨ કિલો શંકાસ્પદ ગાંજાનો જથ્થો ઝડપી પાડવામાં સફળતા મળી છે.

વડોદરા રેલવે સ્ટેશન ખાતે ટ્રેન નં. ૧૨૮૩૪ હાવડા એક્સપ્રેસમાં એ.ટી.એસ. ચાર્ટર મુજબ પેટ્રોલિંગ દરમિયાન, એન્જિનથી બીજા નંબરના જનરલ કોચના શૌચાલયના વોશબેસિન પાસેથી બે શંકાસ્પદ બેકપેક બેગ મળી આવી હતી. આ અંગે મુસાફરોની પૂછપરછમાં બેગનો કોઈ વારસદાર ન મળતાં અને તેમાંથી માદક પદાર્થની દુર્ગંધ આવતા પોલીસે તેને કબજે કરી હતી.

આ ટ્રેન આણંદ રેલવે સ્ટેશને પહોંચતા એફએસએલ અધિકારી પાસે તપાસ કરાવતા આ પદાર્થ કેનાબીસ (ગાંજો) હોવાનું પુરવાર થયું હતું. પોલીસ તપાસમાં 'ટોની' અને 'વાઈલ્ડક્રાફ્ટ' માર્કાવાળી બેગમાંથી કુલ ૧૬.૧૪૨ કિલોગ્રામ ગાંજો મળી આવ્યો હતો, જેની બજાર કિંમત ૮,૦૭,૧૦૦ થાય છે.

આ મામલે આણંદ રેલવે પોલીસે અજાણ્યા પેડલર વિરુદ્ધ એન.ડી.પી.એસ. (NDPS) એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો છે. હાલમાં સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓને પકડવા માટેના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

રાજ્યમાં ટ્રેનના માર્ગે નશીલા પદાર્થોની હેરફેરનો કિસ્સો બહાર આવતા પોલીસ વિભાગ પણ ચોંકી ગયું હતું.



















